Research Paper Art and Literature

" kanku" filmma sets ane propsno viniyog

Dr. Hirendra Pandya | Government Arts and Commerce College Sami, Patan

KEYWORDS

"કંકુ"ફિલ્મમાં સેટ્સ અને પ્રોપ્સનો વિનિયોગ

ફિલ્મ એ 'વિઝુઅલ આર્ટ' છે. સેટ્સ, લોકેશન અને પ્રોપ્સ(સામગ્રી)નું પ્રાથમિક કાર્ય ફિલ્મમાં રજૂ થતી ઘટના કે દ્રશ્યને વાસ્તવિક બનાવવાનું છે. પાત્રો ક્યાંના છે? ફિલ્મની કથા ક્યા સમયની છે? વગેરે પ્રશ્નોના ઉત્તર પરિવેશ દ્વારા મળે છે .ફિલ્મની ઘટનાનું આલેખન સેટ્સ અને પ્રોપ્સરૂપી કેનવાસ પર કેમેરા વડે થાય છે. તેથી સેટ્સ અને પ્રોપ્સનો પટકથા સાથેનો સંબંધ અંતરંગ હોવો જોઈએ. એક દ્રષ્ટાંતથી આ વાત સમજીએ.

રમેશ સિપ્પીની બહુચર્ચિત ફિલ્મ 'શોલે'માં આરંભમાં જ ઠાકુર બલદેવસિંહનું ઘર જોવા મળે છે. ગામથી દૂર ખડકોની વચ્ચે આવેલું ઠાકુરનું ઘર ઠાકુરની જેમ જ એકલું અટુલું ઊભેલું છે.કાળા ખડકો, ઉજ્જડ વૃક્ષ વગેરે બલદેવસિંહના વેરન જીવનને દર્શાવી દે છે.

સેટ્સ અને સામગ્રી માત્ર પાત્ર કે ફિલ્મને ઓળખવામાં જ મદદરૂપ નથી થતાં પરંતુ દર્શકોના ચિત્તમાં પોતાની છબિ અને અર્થ રચી દેતા હોય છે.

'એડવેન્ચર્સ ઓફ હકલબેરી ફિન' ફિલ્મમાં મિસીસીપી નદી માનવસ્વાતંત્ર્યનું પ્રતીક બને છે. માર્ક ટ્વેનની આ જ નામની નવલકથા પર આધારિત આ ફિલ્મનો નાયક હકલબેરી પણ નદી જેવો જ સ્વતંત્ર મિજાજ ધરાવે છે. નદીકાંઠાના ગામોમાં રંગભેદ છે, ધનનો લોભ છે, અકારણ થતી હત્યાઓ છે, વંશપરંપરાગત વેર પણ છે. પરંતુ આ નદી અને નાયક આ બધાંથી મુક્ત છે. રંગભેદ અને ગુલામીપ્રથા જેવાં અમાનુષી રિવાજોથી મુક્ત, સ્વતંત્ર અને સ્વસ્થ માનવસમાજની વાત નદી દર્શાવે છે.

આમ, લોકેશન અને સેટ્સ એ માત્ર બનતી ઘટનાઓ દર્શાવતાં સ્થળો જ નથી પરંતુ એથી પણ વિશેષ કાંઇક છે. ક્યાંક તે પાત્રની રેખાઓ ઉઘાડે છે. તો ક્યાંક મુખ્ય ધ્વનિને રજૂ કરે છે.પ્રોપ્સ, વેશભૂષા અને મેક-અપનો સંબંધ ફિલ્મની પટકથા અને તેમાં આવતાં પાત્રોનાં વ્યક્તિત્વ સાથે કેવો છે તે જોવું જરૂરી છે. સામગ્રીનો ઉપયોગ એક દ્રષ્ટાંતથી સમજીએ.

રાજકુમાર સંતોષીની ફિલ્મ 'ફેમિલી'માં અંધારી આલમના ડોન વિરેન સહાય(અમિતાભ બચ્ચન)નો અહંકાર, તેની અમર્યાદ સત્તા, ક્રૂરતા-આ બધું જ તેના મોમાં કાયમ રહેતી સિગારથી સૂચવાય છે.ફિલ્મના અંતિમ દ્રશ્યમાં વિરેનના મોમાં સિગાર ન હોવા છતાં એ હોઠ એવી રીતે જ હલાવે છે કે જાણે તેના મોમાં સિગાર હોય. આ દ્રશ્ય ખૂબ પ્રભાવક છે.

આખી ફિલ્મમાં એક સિગાર વડે દિગ્દર્શક જેટલું સૂચવે છે એટલું લાંબા સંવાદો વડે પણ દર્શાવી ન શકત. આ ટૂંકી ભૂમિકાને આધારે ગુજરાતી ફિલ્મ 'કંકુ'માં સેટ્સ અને પ્રોપ્સનો વિનિયોગ શી રીતે થયો છે તે તપાસીએ.

પન્નાલાલ પટેલની 'કંકુ' વાર્તા પરથી એ જ નામની ફિલ્મ દિગ્દર્શક કાન્તિલાલ રાઠોડે બનાવી. ઇ.સ.૧૯૬૯માં રજૂ થયેલી આ ફિલ્મ ગુજરાતી ફિલ્મોમાં એક માઈલસ્ટોન ગણાય છે. ફિલ્મ માં કંકુની ભૂમિકા ભજવનાર પલ્લવી મહેતાને શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મમહોત્સવમાં આ ભૂમિકા બદલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

'કંકુ' ફિલ્મમાં કથા ગામડાની હોવાથી સેટ્સ અને સામગ્રીની પસંદગી તે મુજબ કરવી પડે. આ સાવ પ્રાથમિક બાબત છે. આ ફિલ્મમાં સેટ્સ અને સામગ્રી પટકથા સાથે, પાત્રો અને તેમના મનોજગત સાથે ચુસ્તપણે જોડાય છે.

ફિલ્મમાં સૌપ્રથમવાર કંકુ ખુમાને પરણીને ખુમાના ઘરે આવે છે ત્યારે ખુમાનું ઘર, ખુમાની દયનીય હાલત પણ સૂચવી દે છે. ભાંગેલા નળિયાં, દિવાલ પર બાઝેલા જાળા, ગોબા પડેલા વાસણો, રાખ ભરેલો ચૂલો વગેરે કંકુના આગમન પહેલાંની ખુમાની હાલત દર્શાવે છે. મૂળ વાર્તામાં કંકુના ખુમા સાથેના લગ્ન પછી ખુમાના મા-બાપ મૃત્યુ પામે છે. જયારે ફિલ્મમાં ખુમો નાનો હતો ત્યારે જ તેના માં-બાપ મૃત્યુ પામ્યાં હતાં એમ બતાવ્યું છે. કંકુ ખુમાના ઘરમાં પગ મૂકે છે અને તેની આંખ ઘરના ખૂણેખૂણામાં ફરી વળે છે એ રીતે આ દ્રશ્ય ફિલ્માવ્યું છે.તેથી ફિલ્મની પરિભાષામાં આ પોઈન્ટ ઓફ વ્યુ શોટ છે. લગભગ ૪ મિનીટ જેટલા લાંબા આ દ્રશ્યમાં કંકુ કે ખુમાનો એક પણ સંવાદ નથી. ધ્વનિપટ્ટી પર સિતાર અને વાંસળીનું ધીમું સંગીત સંભળાય છે. ખુમો બહારના ભાગે ખાટલા પર બેસે અને પડદા પર આપણને અંધારા ઓરડામાં ફરતી કંકુ દેખાય. ખુમાના જીવનમાંથી અંધકાર દૂર કરવા જ કંકુ આવી છે તેવો ભાવ અહીં પ્રગટે છે.

કંકુ ખુમાનું-પોતાનું ઘર સજાવવા માટે કમર કસે છે. તુલસી રોપતી, ખુમાને નળિયાં ગોઠવવામાં મદદ કરતી અને જમવાનું બનાવતી કંકુ પડદા પર જોવા મળે છે. કંકુના આગમન પછી ઘરની રોનક બદલાઈ જાય છે. ઘેલો ખુમો કામ કરતી કંકુનું દિવાલ પર ચિત્ર દોરે છે. આખી ફિલ્મમાં કંકુનું એ ચિત્ર ત્રણેકવાર જોવા મળે છે. આ ચિત્ર વડે દિગ્દર્શક બે બાબત એક સાથે સૂચવે છે. એક તો, કંકુ બીજી સ્ત્રીઓ કરતાં જુદી માટીની બનેલી છે. બીજું કે, ફળીમાં તો બીજા પણ ઘરો છે. એ બધાં કરતાં કંકુનું ઘર જુદું શી રીતે બતાવવું? એમાં આ ચિત્ર મદદરૂપ બને છે.

ફિલ્મમાં બીજું મહત્વનું પાત્ર મલકચંદ શેઠનું છે. દિગ્દર્શક કાન્તિલાલ રાઠોડ મલકચંદના વ્યક્તિત્વના બે વિભિન્ન પાસાં તેની દુકાન અને મકાન વડે દર્શાવી દે છે. કંકુ અને બીજાં લોકોનાં ઘર કરતાં જુદી જ બાંધણી મલકચંદના ઘરની છે. કંકુ જયારે રૂપિયા લેવા મલકચંદના ઘરે જાય છે ત્યારે સૌપ્રથમવાર મલકચંદનું ઘર પડદા પર દેખાય છે. દિવાલો પર ધૂળ છે. વિશાળ ઘર હોવા છતાં ઓસરીમાં સમાન નહીવત છે. જયારે આની સામે મલકચંદની દુકાન સામાનથી ખીચોખીચ ભરેલી છે. સામાનથી ખીચોખીચ ભરેલી દુકાન અને વિશાળ છતાં ખાલીખમ મકાન મલકચંદના જ બે ભિન્ન પાસાં સૂચવે છે. ગામ આખાને જીવનજરૂરિયાતની વસ્તુઓ પૂરી પડતો શેઠ મલકચંદ એક વ્યક્તિ તરીકે એકલો છે. મલકચંદની આ એકલતા માત્ર કંકુ જુએ છે. આ રીતે દિગ્દર્શક કુશળતાથી મલકચંદનો ખાલીપો દર્શાવી દે છે.

'કંકુ' ફિલ્મમાં દીકરાના લગ્નમાં વહેંચવા માટે જરૂરી ગોળ લેવા કંકુ મલકચંદની દુકાને જાય છે. ગોળ દુકાનની પાસેની એક જુદી ઓરડીમાં છે. અહીં દિગ્દર્શકે સામગ્રીનો વિનિયોગ ખૂબ સ-રસ રીતે કર્યો છે.જુઓ:

કંકુ એક મોટા ત્રાજવાના એક પલડામાં ગોળ મૂકતી જાય છે. મલકચંદ કંકુથી થોડો દૂર તેની પીઠ પાછળ એક ગુણ પર

બેઠો છે.

મલકચંદ : એક ... વાત પૂછું કંકુ?

કંકુ : પૂછો

મલકચંદ: તે બીજું ઘર કેમ ન માંડ્યું?

કંકુ : (ત્રાજવાને પકડીને ઊભી રહીને) હીરિયાને મેલીને જતાં જીવ ન ચાલ્યો.

મલકચંદ : (અડધા ચહેરા પર પ્રકાશ) તો સાથે લઇ જવો'તો?

કંકુ : મારા સવારથને ખાતર એને શું કામ ઓશિયાળો કરવો? લો હેંડો ઊપડાવો .

(કંકુ ગોળ ઉપાડવા નીચી નમે પણ મલકચંદ તો હાથમાં ટોપી રમાડતો નીચા માથે બેસી જ રહે છે. એ જોઈ કંકુ અટકે અને ધીમેધીમે કેમેરા કંકુ તરફ આગળ વધે.)

કંકુ : અને મારે અસલ ઘર છોડવું જ નો'તું. બીજાની તાબેદારી જ મારે વેઠવી નો'તી. અને હીરિયાનું ભવિષ પણ જોવાનું હતું. લો, હવે તો ઊપડાવો?

મલકચંદ : અને હવે તો હીરિયોય પોતાનું સાંભળી લે એટલો મોટો થયો છે. મારું માન કંકુ અને બીજું ઘર માંડી લે. તું આ હીરિયો હીરિયો કરે પણ જેવી એની બાયડી ઘરમાં આવશે એટલે એનો જેટલો રે'વાનો એટલો તારો થોડો જ રે'વાનો છે? અને હજીયે શું બગડી ગયું છે?

(પડદા પર અગ્ર ભાગે ડાબી બાજુ મલકચંદ દેખાય. ત્યાંથી થોડે દૂર ત્રાજવા પાસે જમણી તરફ ઊભેલી કંકુ દેખાય.)

કંકુ : કશું નથી બગડી ગયું?

મલકચંદ : ના રે, મને તો તું આજેય પંદર વર્ષ પહેલા હતી ને એવી જ આજે લાગે છે. આવી જોવનાઈ તું જીરવી કેમ શકે છે?

કંકુ : (સહેજ મલકે છે અને તરત જ જાતને સાંભળી લેતી હોય તેમ) કઈ ગાંડાબાંડા તો નથી થઇ ગયા ને? કેટલા કાળ માટે હવે બીજું ઘર? લો ઊપડાવો દન તો ગયો આથમવા.

મલકચંદ કંકુને ગોળ ઊપડાવે અને કંકુને રૂપિયા લેવા માટે ઘરે જ આવી જવાનું કહે. ત્રાજવા પાસે ઊભો રહીને મલકચંદ જઈ રહેલી કંકુને જોયા કરે ત્યાં દ્રશ્ય પૂરું થાય.

આ આખા દ્રશ્યમાં ત્રાજવાનો વિનિયોગ નોંધવા જેવો છે. મલકચંદના પ્રશ્નથી કંકુના મનમાં જન્મતાં સ્પંદનો ત્રાજવાની સાંકળ અને કાંટા વડે સૂચવાઈ જાય છે. કાંટાનું હલનચલન કંકુના મનની દોલાયમાન સ્થિતિને દર્શાવે છે. મલકચંદની દુકાનના દ્રશ્યોમાં પણ કંકુ તરફનું ત્રાજવાનું પલ્લું નમેલું જ જોવા મળે છે. ઉપરોક્ત દ્રશ્યમાં પણ પ્રથમવાર નમેલું પલ્લું મલકચંદના કંકુ તરફના ઝુકાવને દર્શાવે છે. કઈ નથી બગડી ગયું? એમ પૂછતી કંકુ હવે નમી રહી છે એ

વાત પણ નમેલું પલ્લું સૂચવી દે છે.

આમ, ત્રાજવા જેવું સાધન પણ નમતા, એકમેક તરફ આકર્ષાતા કંકુ-મલકચંદના મનોભાવોને અસરકારક રીતે દર્શાવી દે છે.

કાળુ સાથે લગ્ન કરીને બીજે દિવસે કંકુ ચૂલો સળગાવીને જમવાનું બનાવતી હોય છે ત્યારે પડદા પર બે સ્ત્રીઓ કંકુની નિંદા કરતી દેખાય છે. આ સ્ત્રીઓની પાછળ કંટાળા થોર દેખાય છે. આ દ્રશ્ય વિશે તો કઈ કહ્યા વિના પણ સમજી શકાય કે દિગ્દર્શક શું કહેવા માંગે છે.

છીંકણી સૂંઘતી ફરતી ગલા ડામોરની વહુ આરંભે જ ખુમાનો ઈતિહાસ કહી દે છે. કંકુની ગર્ભાવસ્થા વિશે પણ પહેલી જાણ આ ડોશીને જ થાય છે. ગુનેગારોને પકડવા માટે સૂંઘતા ફરતા ફૂતરા જેટલી જ આ ડોશી ચાલાક છે. છેવટે ડોશી સૂંઘીને શોધી કાઢે છે કે આ તો 'મારો પીટ્યો મલકો!'

વિખ્યાત વાર્તાકાર ચેખોવનું વાર્તા વિશેનું વિધાન અહીં ફિલ્મમાં સાચું પડતું અનુભવાય છે. કાન્તિલાલ રાઠોડે પડદા પર માત્ર એટલી જ સામગ્રી દર્શાવી છે જેટલી અનિવાર્ય છે. સેટ્સ અને સામગ્રીનો આવો વિનિયોગ ફિલ્મના માધ્યમની ક્ષિતિજોને વિસ્તારે છે. ગુજરાતી ફિલ્મોની વાત કરીએ તો સેટ્સ અને સામગ્રીનો આવો કુશળ રીતે થયેલો વિનિયોગ 'ભવની ભવાઈ' (દિ.કેતન મહેતા) જેવી ગણીગાંઠી ફિલ્મોમાં જ જોવા મળે છે.

આમ, 'કંકુ' ફિલ્મ સેટ્સ અને સામગ્રીના કુશળતાપૂર્વક થયેલા વિનિયોગને કારણે મહત્વની ગુજરાતી ફિલ્મ બની રહે છે.

REFERENCES

૧) 'પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ', સં. પન્નાલાલ પટેલ, પ્રકા. સાધના પ્રકાશન, આવૃત્તિ-ઓગસ્ટ,૨૦૦૫.
૨) 'કંકુ'(શ્વેત-શ્યામ ફિલ્મ) રિલીઝ વર્ષ-ઇ.સ ૧૯૬૯, દિગ્દર્શક-કાન્તિલાલ રાઠોડ.